# રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૫

# (દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ)

## (જાહેરાત ક્રમાંક: 03/2025)

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ, કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

---

**તા. ૧૨/૧૧/૨૦૨૫**

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગના તારીખ:17/09/2021ના ઠરાવ ક્રમાંક:- CRR-102017-122639-G-2, તારીખ:20/11/2024ના ઠરાવ ક્રમાંક:- સી.આર.આર.-102017-122639-ગ.2, શિક્ષણ વિભાગના તારીખ:19/05/2023ના ઠરાવ ક્રમાંક: - BMS/11/2019/631243/G, નામદાર ગુજરાત હાઈકોર્ટના W/PIL: 46-2023 માં તારીખ:13/03/2024, તારીખ:02/08/2024 અને તારીખ:04/10/2024ના ઓરલ ઓર્ડર, તથા સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: - CRR-102017-122639-G-2(ભાગ.1), તારીખ:11/11/2024 અન્વયે રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત તા.01/03/2025 ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.15/11/2019ના જાહેરનામા ક્રમાંક:- GH/SH/104/SMS/1011/258/G.1, તથા તા.12/09/2024ના જાહેરનામા ક્રમાંક: G/SH/50/2024/SMS/1011/258/P.F.1/G.1 તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને વખતોવખત થયેલ સુધારા ઠરાવોની જોગવાઈઓ અન્વયે રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દ્વિસ્તરીય TAT(S)-૨૦૨૩ આધારિત મેરીટના ધોરણે પસંદગી કરવા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી **તા. ૧૨/૧૧/૨૦૨૫ થી તા. ૨૧/૧૧/૨૦૨૫, ૨૩:૫૯ કલાક સુધીમાં** https://www.gserc.in વેબસાઇટ ઉપર લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો પાસેથી online અરજીઓ મંગાવવામાં આવે છે.

ઓનલાઇન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ મેળવી આ સાથે અપાયેલ સુચનાઓ મુજબ જરુરી આધારો સાથે ઉમેદવારે પસંદગી આપેલ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર) ખાતે અત્રેથી વેબસાઇટ પર આપવામાં આવનાર સુચના મુજબના દિવસો દરમિયાન ચકાસણી કરાવી જમા કરાવવાના રહેશે. વેરિફિકેશન માટેના સમયગાળાની સૂચના વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે. સંભવત: અરજી કરવાના સમયગાળા બાદ તુરત વેરિફિકેશન કરવામાં આવનાર હોઇ ઉમેદવારે પોતાના લાગુ પડતા તમામ દસ્તાવેજો તૈયાર રાખવા જણાવવામાં આવે છે.

જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર ખાતે નિયત સમયગાળામાં વેરીફીકેશન કરાવેલ નહીં હોય તેવી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી. ઉમેદવારોને સંબંધિત ઠરાવો, નિયત લાયકાતો, ઓનલાઇન અરજી કરવા માટેની સુચનાઓનો પુરતો અભ્યાસ કર્યા બાદ જ અરજી કરવા જણાવવામાં આવે છે.

સદર ભરતી પ્રક્રિયા અન્વયે આગામી થનાર પ્રક્રિયા જેવી કે, ડોક્યુમેન્ટ વેરિફિકેશન, પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ – ૧, વાંધા અરજી, પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ – ૨, શાળા પસંદગી, શાળા ફાળવણી, નિમણૂક હૂકમ કે ભરતી પ્રક્રિયા બાબતે અન્ય સૂચનાઓ વખતોવખત વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. આ સૂચનાઓનો ઉમેદવારોએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

અંદાજિત ખાલી જગ્યાઓની વિગત:

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | દિવ્યાંગતાનો પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D & E | કુલ |
| 3/ 2025 | સરકારી માધ્યમિક શાળા(શિક્ષણ સહાયક) | 23 | 28 | 00 | 35 | 86 |

- હાલમાં દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગ કેટેગરી વાઇઝ (A,B,C,D&E) મુજબ જગ્યાઓ મુકવામાં આવેલ છે. માધ્યમિક વિભાગમાં શીખવવામાં આવતા વિષયો માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.
- શાળા પસંદગી સમયે જે તે જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર, શાળાવાર, વિષયવાર અને દિવ્યાંગ કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઇટ પર દર્શાવવામાં આવશે.
- પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ જગ્યાઓ ફેરફારને આધિન છે. વર્ગઘટાડા અથવા અન્ય આકસ્મિક કારણોસર જગ્યા રદ થાય તેવી ખાલી જગ્યાઓ ઉપર ઉમેદવારનો કોઇ હક દાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ મેરીટક્રમ અનુસાર પસંદગીની તક પ્રાપ્ત થશે. જેની નોંધ લેવી.
- સદર જાહેરાત સમગ્રતયા કે જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ ખાલી જગ્યાઓ રદ કરવા બાબતે ભરતી સમિતિનો નિર્ણય આખરી રહેશે.
- જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.11/11/2024ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-102017-122639-ગ.2 (ભાગ-1) ને આધિન રાજ્ય સરકાર હેઠળની દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝુંબેશ (Special Recruitment Drive) હેઠળ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની રહેતી હોઇ, કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) આધારિત અનામતની જોગવાઇઓ આ ભરતી

પ્રક્રિયા માટે લાગુ પાડવાની રહેતી નથી. ભરતી પ્રક્રિયાને અંતે લાયક ઠરેલ ઉમેદવારો તેઓની સંબંધિત જે તે કેટેગરીની જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે.

- મહિલા અનામતના ધોરણો આ ભરતી પ્રક્રિયા માટે લાગુ પડશે નહીં.
- સામાન્ય વહિવટ વિભાગના તા.20/11/2024ના ઠરાવ ક્રમાંક: CRR-102017-122639-G-2 અન્વયે સદર દિવ્યાંગજનોની ભરતીને સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતીનો પ્રથમ પ્રસંગ ગણવાનો રહેશે.
- જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની રહેતી હોય, The Rights of Persons with Disability Act, 2016 તથા ત્યારબાદના વખતોવખતના સુધારાથી નિયત કરવામાં આવેલ દિવ્યાંગતાની કેટેગરીમાં બેન્ચમાર્ક ડીસેબિલીટી ધરાવતાં ઉમેદવારો જ અરજી કરી શકશે. અન્ય ઉમેદવારોએ આ જાહેરાત અંતર્ગત અરજી કરવાની રહેશે નહી.
- દિવ્યાંગ ઉમેદવાર જે કેટેગરીના હશે તે કેટેગરીની જગ્યા સામે રોસ્ટર રજીસ્ટરમાં સરભર કરવામાં આવશે.

1. <u>શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત :</u>

1) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના તા.15/11/2019ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/104/SMS/1011/258/G.1, અને તા.12/09/2024ના જાહેરનામા ક્રમાંક G/SH/50/2024/SMS/1011/258/P.F.1/G.1 મુજબ નિયત લાયકાત ધરાવતા હોવા જોઇશે.

2) જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી તારીખે (તા. ૧૫/૦૪/૨૦૨૫) ઉમેદવારની ઉંમર 37 વર્ષથી વધુ હોવી જોઇશે નહીં. સદર ભરતી ફક્ત દિવ્યાંગ ઉમેદવારો માટેની હોઇ દરેક કેટેગરીના ઉમેદવારો માટે 10 વર્ષના છુટછાટ સાથે ઉમેદવારની મહત્તમ વયમર્યાદા 45 વર્ષની રહેશે. ઉમેદવારની ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી તારીખ એટલે કે તા.15/04/2025 ના રોજ 45 વર્ષ કરતાં વધારે હોવી જોઇશે નહીં.

3) શિક્ષણ વિભાગના તા.12/09/2024 ના જાહેરનામા સાથેના Appendix – I માં આપેલ વિષય સામે દર્શાવેલ સ્નાતકની શૈક્ષણિક લાયકાત તેમજ વ્યાવસાયિક લઘુત્તમ લાયકાત ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-1956 ની કલમ-3 હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇશે અને

કોલમ -9 માં દર્શાવેલ વિષય માં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ દ્વિસ્તરીય TAT (Secondary) ૬૦% ગુણ સાથે પાસ કરેલ હોવી જોઇશે.

4) ઉમેદવારે જે વિષય/માધ્યમમાં દ્વિસ્તરીય TAT(Secondary)-2023 પાસ કરેલ હશે તે વિષય/માધ્યમની જગ્યા માટે ઉમેદવારી નોંધાવી શકશે.

5) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી( સામાન્ય) નિયમો-1967 માં ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇશે.

6) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

**2.** <u>જાહેરાત સંબંધિત અન્ય મહત્વની બાબતો:</u>

1) દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષા-2023માં મેળવેલ ગુણને આધારે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

2) દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષા-2023માં સમાન ગુણના કિસ્સામાં ઉમેદવારનો મેરીટ ક્રમ નક્કી કરવા માટે જે ઉમેદવાર વયસ્ક હશે તેને અગ્રતા આપવામાં આવશે. દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષામાં સમાન ગુણ સાથે સમાન જન્મતારીખના કિસ્સામાં ક્રમશઃ અરજદારના નામ, અટક અને માતાના નામના પ્રથમ અક્ષરને આલ્ફાબેટિક ક્રમના આધારે અગ્રતા નક્કી કરવામાં આવશે.

3) ઉમેદવારોએ કરેલ અરજી(પ્રમાણપત્રો સહિત) જે જિલ્લામાં ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી જમા કરાવવા ઈચ્છતા હોય તે જિલ્લાનો વિકલ્પ ઓનલાઇન ફોર્મમાં ફરજિયાત પસંદ કરવાનો રહેશે.

4) ઓનલાઇન અરજી કર્યા બાદ નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં જિલ્લા કક્ષાએ નિયત થયેલ સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજિયાત કરાવવાનું રહેશે.

5) ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે અને આવા ઉમેદવારોનો ભરતી પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે નહીં. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઇ લેખિત/ મૌખિક રજૂઆત કે પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહી.

6) જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર જે તે જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી રહેશે. જેના સરનામા સાથેની યાદી વેબસાઇટ પર મૂકવામાં આવશે.

7) હાલ સરકારી અને બિનસરકારી અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/વિધાસહાયક/મદદનીશ શિક્ષક તરીકે સેવા બજાવતા હોય તેવા ઉમેદવારોને શિક્ષણ વિભાગના ઠરાવ

ક્રમાંકઃ પીઆરઈ/112017/સીંગલ ફાઈલ-6/6, તા.22/03/2017ની જોગવાઇઓ લાગુ પડશે. ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

8) હાલ સરકારી અથવા બિનસરકારી અનુદાનિત પ્રાથમિક/ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/ વિદ્યાસહાયક તરીકે સેવા બજાવતા હોય તેવા ઉમેદવારો આ જાહેરાત અન્વયે અરજી કરવા માંગતા હોય તો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/112017/સીંગલ ફાઈલ-6/6, તા.22/03/2017ની જોગવાઈ મુજબ (અને યથાપ્રસંગે, શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : ED/MSM/e-file/3/2023/3375/G તા.10/02/2025માં સુચવ્યા મુજબની જોગવાઇઓને અનુસરીને) નિમણુક સત્તાધિકારીનું સદર જાહેરાત બાદનું અત્રેથી સૂચવેલ નિયત નમૂનામાં જ NOC મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. (NOCનો નમુનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)

9) ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**3.** <u>પગાર ધોરણઃ-</u>

1) સરકારી માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને પ્રથમ પાંચ વર્ષ સુધી ફીકસ રૂ.40800/- માસિક વેતન મળવાપાત્ર થશે. હાલની જોગવાઇ મુજબ પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ પે-મેટ્રિક્સ મુજબ લેવલ-6 (રૂ.35400-112400) અથવા સરકારશ્રીની તે વખતે અમલમાં હોય તે જોગવાઇઓ અનુસાર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

**4.** <u>અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સૂચનાઓઃ-</u>

1) અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

2) અરજી કર્યા બાદ ઉમેદવાર ફી ભરે ત્યાં સુધી અરજીની વિગતો edit કરી શકશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારની અરજી કન્ફર્મ (submit) થયેલ ગણાશે અને ત્યારબાદ ઉમેદવારની અરજીની વિગતો ફ્રિઝ થશે અને તેમાં સુધારો કરી શકશે નહિં.

3) અરજી કન્ફર્મ (submit) થયા બાદ પણ ઉમેદવારને અરજીમાં ક્ષતિ ધ્યાને આવે અને વિગતો edit કરવાની જરૂરીયાત જણાય તો ઉમેદવાર Home Page પર Withdraw Application ટેબ દ્વારા પોતાની અરજી Withdraw કરી શકશે. અરજી Withdraw કરતા સમયે ઉમેદવારના મોબાઈલ પર OTP આવશે. જે એન્ટર

કરતાં અરજી Withdraw થઈ જશે. ત્યારબાદ ઉમેદવારે Home Screen પર New Application ટેબ દ્વારા નવેસરથી અરજી કરવાની રહેશે અને પુન: ફ્રી ભરી અરજી કન્ફર્મ (submit) કરવાની રહેશે.

4) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૩ માં લેવાયેલ દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષાના બેઠક નંબર તથા અન્ય જરૂરી વિગતો ઉપરથી આ પરીક્ષામાં મેળવેલ ગુણ પોર્ટલ પર પ્રદર્શિત થશે અને ઉમેદવાર તે વિષય અને માધ્યમ માટે જ અરજી કરી શકાશે. (ઉમેદવાર 60% કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઇએ)

5) ઉમેદવાર આ જગ્યાઓ માટેની લઘુતમ લાયકાત ધરાવતા હશે તો દ્વિસ્તરીય TAT(Secondary) પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે. આથી જો ઓનલાઇન અરજી વખતે આ પરીક્ષાના ગુણ અથવા અન્ય માહિતી બાબતે વિસંગતતા જણાય તો જરૂરી આધાર પુરાવા સહિત તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે. અરજી કરવાનો સમયગાળો પૂર્ણ થયા બાદ પાછળથી કોઇ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની નોંધ લેવી.

6) માત્ર અને માત્ર વેબસાઇટ પર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ, કુરીયર, ઇ-મેઇલ કે અન્ય માધ્યમથી અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

7) ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી. જેથી આ ભરતી પ્રક્રિયા અંગેના SMS સરળતાથી મળી શકે તેમજ જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

8) <u>અરજી ફ્રી :</u> આ ભરતીમાં તમામ દિવ્યાંગ ઉમેદવારો માટે અરજી ફ્રી રૂ.150/-(અંકે રૂપિયા એકસો પચાસ પુરા) ઉમેદવારે ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફ્રી પરત મળી શકશે નહી.

9) ઉમેદવારે અરજી ફ્રી ફરજિયાત પોર્ટલ પરના ઓનલાઇન માધ્યમથી જ ભરવાની રહેશે. ભરવાપાત્ર નિયત અરજી ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેંકીંગના માધ્યમથી ભરી શકશે.

10) અરજી ફ્રી ભર્યા બાદ જ ઉમેદવારે કરેલ અરજી કન્ફર્મ (Confirm) થયેલ ગણાશે. કન્ફર્મ થયેલ અરજીમાં ઉમેદવાર જો કોઈ સુધારો કરવા ઈચ્છે તો કરેલ અરજી Withdraw કરી નવી અરજી કરવાની રહેશે અને પુન: ફ્રી ભરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. આ સંજોગોમાં અગાઉ ભરેલ અરજી ફ્રી પરત મળવાપાત્ર રહેશે નહીં.

11) નિયત સમયમર્યાદામાં ફ્રી ભરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં.

12) ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી અને ઉમેદવારે ઉપર દર્શાવ્યા મુજબના નિયત સમયગાળામાં આ અરજી ડૉક્યુમેન્ટ વેરિફિકેશન સમયે જરૂરી આધારો સાથે રજૂ કરવાની રહેશે.

13) ઉમેદવારની અરજી વેરિફિકેશન બાદ ભરતીની જોગવાઇઓ પરિપૂર્ણ થતી હશે અને મેરિટ યાદીમાં સ્થાન મેળવેલ હશે તેવા ઉમેદવારો જ નિમણૂક મેળવવાને લાયક બનશે. જેથી માત્ર અરજી કરવાથી નિમણૂક અંગેનો કોઈ હક્ક પ્રસ્થાપિત થતો નથી.

14) સદર ભરતી સંબંધે તમામ સૂચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મૂકેલ કોઇપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઇ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.

15) જે તે કેટેગરી (SC/ST/SEBC/EWS) સંબંધે સરકારશ્રીના ધારા-ધોરણો મુજબ નિયત નમૂનામાં તથા ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખે પ્રમાણપત્રોની અવધિ પૂર્ણ ન થયેલ હોય તેવા પ્રમાણપત્રો ગ્રાહ રાખવામાં આવશે ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે નિયત નમૂનામાં તથા નિયત અવધિ જળવાતી ન હોય તેવા પ્રમાણપત્રો રજૂ કરનાર ઉમેદવારોને જે તે કેટેગરીના ઉમેદવાર સામે ન ગણી સામાન્ય ઉમેદવાર તરીકે નિમણૂક આપવામાં આવશે.

16) ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં ગણવામાં આવશે અને તેના પૂરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા મંગાવવામા આવે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. પૂરાવા રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

17) કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજૂ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજૂ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

18) પસંદગી સમિતિને સંતુષ્ટિ નહીં થાય કે ઉમેદવાર જાહેરાત સંબંધિ તમામ લાયકાતો ધરાવે છે તથા તમામ જરૂરીયાતો પરિપૂર્ણ કરેલ છે તે સિવાય પસંદ પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારની અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ઉમેદવારની લાયકાત બાબતે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

19) પસંદગી યાદીમાં સમાવેશ થવાથી ઉમેદવારને આ જગ્યા પર નિમણૂકનો કોઇ અધિકાર પ્રાપ્ત થતો નથી. પસંદગી સમિતિને યોગ્ય જણાય તેવી જરૂરી પુછપરછ બાદ જ્યાં સુધી ઉમેદવાર તમામ પાસાઓમાં યોગ્ય છે તેવો સંતોષ ના થાય ત્યાં સુધી ઉમેદવારને આ જગ્યા પર નિમણૂક આપવામાં આવશે નહીં.

20) જો કોઇ ઉમેદવાર,

- જેના જીવનસાથી હયાત હોય તેવી અન્ય વ્યક્તિ સાથે લગ્ન અથવા લગ્ન કરાર કરેલ હોય *અથવા*
- જેના જીવનસાથી હયાત હોય અને તેણે અન્ય વયક્તિ સાથે લગ્ન અથવા લગ્ન કરાર કરેલ હોય, તેવા ઉમેદવાર આ જગ્યા માટે નિમણૂક મેળવી શકશે નહીં.

પરંતુ તે વ્યક્તિ અથવા સામેની વ્યક્તિને લાગુ પડતા હોય તેવા કોઇ અંગત કાયદાની જોગવાઇને આધીન હોય અને તેમ કરવા માટે ખાસ કારણો છે તેવી ખાતરી થતા સરકારશ્રી આ નિયમના અમલમાંથી માફી આપી શકશે.

ઉમેદવાર પુરૂષ હશે તો તેણે એક કરતા વધારે પત્ની હયાત હોવા અને જો સ્ત્રી હશે તો તેણીએ, જેની અન્ય પત્ની હયાત હોય એવા પુરૂષ સાથે લગ્ન કરેલ હોવા બાબતે ઉમેદવારે અરજીપત્રકમાં જાહેર કરવું જોઇશે.

21) ઉમેદવારને જે ઉમેદવાર નીચેની બાબતે દોષિત હોય અથવા પસંદગી સમિતિ દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યો હોય તો તે સમયગાળા માટે શિક્ષકની નિમણૂક માટે ગેરલાયક ઠરાવવામાં આવશે જે પાંચ વર્ષ સુધી લંબાવી શકાય.

(a) કોઈપણ રીતે તેની ઉમેદવારી માટે સમર્થન મેળવવું

(b) બનાવટી વ્યક્તિત્વ ઉભું કરવું,

(c) અન્ય કોઈ વ્યક્તિ દ્વારા બનાવટ કરવી કે કરાવવી.

(d) ચેડા કરેલા દસ્તાવેજો અથવા બનાવટી દસ્તાવેજો જમા કરાવવા

(e) ખોટા અથવા સાચા ન હોય તેવા નિવેદન કરવા અથવા કોઇ માહિતી છુપાવવી

(f) કોઈપણ વિસંગત અથવા અયોગ્ય માધ્યમોનો આશરો લેવો

(g) પસંદગી પ્રક્રિયા દરમિયાન અન્ય કોઈપણ રીતે ગેરવર્તન કરવું;

(h) પસંદગી સમિતિ દ્વારા નિયુક્ત કર્મચારીઓને હેરાન કરવું અથવા શારીરિક નુકસાન કરવું;

(i) ગુનો કરવાનો પ્રયાસ કરવો અથવા, કોઇ કિસ્સામાં ઉપરોક્ત કલમોમાં ઉલ્લેખિત તમામ અથવા કોઈપણ કૃત્યોને પ્રોત્સાહન આપવું

22) જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં. અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

23) અરજદારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

24) અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાના પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજૂ કરવાની રહેશે.

25) તાલીમી સ્નાતકની લાયકાત મેળવેલ કોલેજનું NCTE/RCI/UGC માન્યતા પ્રમાણપત્રની વિગતો અરજીફોર્મમાં દર્શાવવી તથા અરજી ચકાસણી વખતે અચૂક રજૂ કરવાનું રહેશે.

26) ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T. યુનિવર્સીટીની લાયકાત શિક્ષણ વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૯ના ઠરાવની દર્શાવેલ જોગવાઇઓને ધ્યાને લઇ માન્ય ગણવામાં આવશે. જે મુજબ "*શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથેના જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.*"

27) યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેમજ દૂરવર્તી શિક્ષણના માધ્યમથી ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબની State Open universities સિવાયની રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી open and distance learning દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય રહેશે નહી. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.

1. DR. B.R. AMBEDKAR OPEN UNIVERSITY (BRAOU), HYDERABAD, A.P.
2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
3. NALANDA OPEN UNIVERSITY (NOU), PATNA, BIHAR
4. YASHWANTRAO CHAVAN MAHARAHSTRA OPEN UNIVERSITY(YCMOU), NASHIK, MAHARASHTRA
5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL, M.P.
6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA, W.B.
9. U.P. RAJARSHI TANDON OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
10. TAMIL NADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMIL NADU
11. PT.SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAL), UTTARANCHAL
13. K. K. Handique State University, Guwahati, Assam
14. ODISHA STATE OPEN UNIVERSITY, SAMBALPUR, ODISHA.

28) રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબના આધારો અવશ્ય રજૂ કરવાના રહેશે.

a. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઇગ્રેશન સર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

b. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

c. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.

d. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.

e. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.

f. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.

g. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર

h. ઉપરોક્ત પૂરાવા સિવાયનો અન્ય કોઇ પૂરાવો હોય તો તે

29) જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેવા કિસ્સામાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણૂંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

30) અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની ટેકનીકલ સૂચનાઓ વેબસાઇટ પર મૂકેલ છે તે મુજબ ઓનલાઇન અરજી કરી અરજીપત્રકની પ્રિન્ટ મેળવી તેની પર સહી કરી તેમાં દર્શાવેલા વેરીફિકેશન કેંદ્ર ખાતે જરૂરી અસલ આધારો સાથે અત્રેથી સૂચના મળ્યેથી ફરજિયાત ચકાસણી કરાવવી તથા તેની બે સ્વપ્રમાણિત નકલો જમા કરાવવાની રહેશે.

## 5. ડોક્યુમેન્ટ વેરિફિકેશન (DV) સમયે રજૂ કરવાના ગુણપત્રકો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવાની વિગત:

- સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૫ (દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ) અન્વયે તમામ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફીકેશન માટે નીચે મુજબના ગુણપત્રકો /પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવા અસલમાં અને તેની એક સ્વપ્રમાણિત નકલ ક્રમાનુસાર એકત્રિત કરી રાખવાના રહેશે જેથી ઉમેદવારે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે જરૂરી ગુણપત્રકો/પ્રમાણપત્રો/અન્ય આધાર પુરાવા યોગ્ય રીતે રજૂ કરી શકે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રીયા સુચારૂ રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકે.

1. જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર /ધોરણ-10નું ક્રેડિટ સર્ટી .
2. ઉમેદવારનું આધારકાર્ડ.
3. ઉમેદવારની માતાનું આધારકાર્ડ (માતાના નામની ખરાઇ માટે).(આધારકાર્ડ ના હોય તેવા કિસ્સામાં માતાનું સાચુ નામ હોય તેવો માન્ય આધાર દા.ત.જન્મનો દાખલો/પાસપોર્ટ/ઈલેક્શન કાર્ડ/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર /રાશનકાર્ડ/માતાના નામની ઓળખ છતી થાય તેવો પુરાવો)
4. દ્વિસ્તરીય TAT-૨૦૨૩ માર્કશીટ.
5. સ્નાતક માર્કશીટ, ટ્રાયલ સર્ટી, ડિગ્રી સર્ટિફિકેટ
6. અનુસ્નાતક માર્કશીટ, ટ્રાયલ સર્ટી, ડિગ્રી સર્ટિફિકેટ (જો હોય તો)
7. વ્યાવસાયિક સ્નાતક માર્કશીટ, ટ્રાયલ સર્ટી, ડિગ્રી સર્ટિફિકેટ, NCTE/RCI/UGC માન્યતા પ્રમાણપત્ર
8. કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્ક્શીટમા માત્ર CGPA/CPI/GRADE દર્શાવેલ હોય તેમના માટે)
9. જાતિ અંગેનું પ્રમાણપત્ર:
   a. મૂળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.
   b. અનુ. જાતિ, અનુ. જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.
   c. ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામા આવશે નહીં. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે તથા જણાવવામાં આવે ત્યારે અચૂક સામેલ કરવાનું રહેશે.
10. નોન-ક્રિમિલિયર સર્ટિફિકેટ:
    a. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ (નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.01/11/1995, તા.06/02/1996, તથા તા.27/04/2010 ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-4 મુજબના નમૂનામાં રજૂ કરવાનું રહેશે.

b. SEBC કેટેગરી (શા.શે.પ. વર્ગ) ના ઉમેદવારોએ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની મહત્તમ અવધિ ઇશ્યૂ થયા વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. આવું પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ (તા. ૨૧/૧૧/૨૦૨૫)ના રોજ માન્ય હોવું જોઈશે તો જ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.

c. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે.

d. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર અરજીપત્ર વેરિફિકેશન વખતે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર અરજી કરવાની તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

11. EWS નું પ્રમાણપત્ર:

a. E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.13/09/2019 ના ઠરાવ ક્રમાંક: ઇ. ડબલ્યુ.એસ/122019/45903/અ થી નિયત થયેલ નમૂના-ગ માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

b. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.13/09/2019 ના ઠરાવ ક્રમાંક:- ઇડબલ્યુએસ/122019/ 45903/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આવું પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ( તા. ૨૧/૧૧/૨૦૨૫)ના રોજ માન્ય હોવું જોઈશે તો જ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે.

c. આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ આવકમર્યાદા કરતા વધારો થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે તથા આવા પ્રમાણપત્રનો અરજદારે ઉપયોગ કરવાનો રહેશે નહીં. જો અરજદાર અથવા તેના વાલી ઇરાદાપૂર્વક વિગતો છુપાવશે તો તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

12. શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર:

a. દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.01/12/2008ના પરિપત્ર ક્રમાંક-102008-469540-ગ-2 થી નિયત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા પસંદગી આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. વેરીફિકેશન વખતે જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને આવી અરજીઓ રદ ગણાશે.

b. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક GAD/PHA/e-file/1/2023/8017/G2-section તા.29/02/2024 ની જોગવાઇ મુજબ સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગ પ્રમાણપત્ર ઉમેદવારની સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે ખરાઇ/પુન:ખરાઇને આધિન રહેશે.

c. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક સીઆરઆર-102017-122639-ગ.2 તા.17/09/2021 મુજબ દિવ્યાંગ ઉમેદવારોને કુલ જગ્યાના 4% અનામત સુનિશ્ચિત કરવામાં આવેલ દિવ્યાંગતા (Benchmark disabilities) ધરાવતા ઉમેદવારો માટે અનામત રહેશે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : BMS/11/2019/631243/G તા.19/05/2023 માં નીચે દર્શાવ્યા મુજબ દિવ્યાંગ ઉમેદવારો અરજી કરી શકશે.

- ખંડ (A) : B,LV
- ખંડ (B) : HH
- ખંડ (C) : OA , OL, BL, OAL, CP, LC, DW, AAV, SD, SI
- ખંડ (D) : SLD, MI
- ખંડ (E) : MD (involving A to D)

d. D, BA, BLOA, BLA, Mdy, ASD, ID પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર આ જગ્યા માટે અરજી કરી શકશે નહીં.

*CATEGORY ABBREVIATIONS USED:*

*B=Blind, LV=Low Vision, D=Deaf, HH=Hard of Hearing, OA= One Arm, OL= One Leg, BA= Both Arm, BL-Both Leg, OAL-One Arm and One Leg, BLOA= Both leg & One Arm, BLA-Both Legs Arm, CP-Cerebral Palsy, LC-Leprosy Cured,*

*DW=Dwarfism, AAV= Acid attack Victims, Mdy= Muscular Dystrophy, ASD=Autism Spectrum Disorder (M=Mild, MoD=Moderate), ID=Intellectual Disability, SLD=Specific Learning Disability, M1=Mental Illness, MD=Multiple Disabilities, SD=Spinal Deformity, SI=Spinal Injury.*

e. દિવ્યાંગતા 40% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. ઉમેદવારે ઉપર દર્શાવેલ ખંડ (A) થી (E) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે.

f. ઉમેદવાર સદર ભરતીમાં પસંદગી પામશે તો તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/અનુ.જાતિ/ અનુ.જનજાતિ/સા.શૈ.પ.વર્ગ/આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

13. વિધવા હોવા અંગેનો આધારો:

a. મહિલા વિધવા ઉમેદવારે અરજી ફોર્મમા વિધવા ઉમેદવાર તરીકેનો તથા પુન: લગ્ન કરેલ નથી તે બાબતનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

b. નિમણૂંક મેળવતી વખતે આવા ઉમેદવારે પુન:લગ્ન કરેલ હોવા જોઇશે નહીં.

c. વિધવા મહિલા ઉમેદવારે અરજી ચકાસણી વખતે વિધવા હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર, જરૂરી આધારો તેમજ પુન:લગ્ન ના કર્યા બાબતનું રૂ.100/-ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામુ રજૂ કરવાનુ રહેશે.

d. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.12/09/2024 ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/51/SMS/1011/258/P.F.1/G.1 મુજબ ફાઇનલ મેરીટ યાદી તૈયાર કરતી વખતે મહિલા વિધવા ઉમેદવાર માટે તેણીએ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ દ્વિ-સ્તરીય TAT(Secondary) પરીક્ષા-2023માં મેળવેલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરીને ધ્યાનમા લેવામાં આવશે.

14. માજી સૈનિક તરીકેનું ઓળખપત્ર અને ડિસ્ચાર્જ સર્ટીફિકેટ

a. દિવ્યાંગ માજી સૈનિક ઉમેદવારને આ ભરતીમાં અનામતનો લાભ મળશે નહીં પરંતુ વયમર્યાદામાં લાભ મેળવવા માટે તેઓએ માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરવાની રહેશે.

15. કોમ્પ્યુટરની જાણકારી અંગે પ્રમાણપત્રો:

a. ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.13/08/2008 તેમજ તા.18/03/2016 ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરઆર/102007/120320/ગ.5થી નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ

ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ- 10 અથવા ધોરણ-12 ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.

16. સરકારી/ગ્રાન્ટેડ શાળામાં શિક્ષક તરીકે કાર્યરત ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્ર

- હાલ સરકારી અથવા બિનસરકારી અનુદાનિત પ્રાથમિક/ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/ વિધાસહાયક તરીકે સેવા બજાવતા હોય તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/112017/સીંગલ ફાઇલ-6/6, તા.22/03/2017ની જોગવાઈ મુજબ (અને યથાપ્રસંગે, શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : ED/MSM/e-file/3/2023/3375/G તા.10/02/2025માં સુચવ્યા મુજબની જોગવાઇઓને અનુસરીને) નિમણુક સત્તાધિકારીનું સદર જાહેરાત બાદનું અત્રેથી સૂચવેલ નિયત નમૂનામાં જ NOC રજૂ કરવાનું રહેશે.

17. શિક્ષણ વિભાગ સિવાય સરકારના અન્ય વિભાગ હેઠળ કે બોર્ડ/નિગમમાં ફરજ બજાવતા ઉમેદવારોએ ઉમેદવારોએ સક્ષમ સતાધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર તથા આ સાથે સામેલ નિયત નમૂનાનું સોગંદનામું રૂ.100/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવી રજૂ કરવાનું રહેશે.

18. કોઈ પણ સરકારી વિભાગમાં ફરજ બજાવતા ન હોય તે ઉમેદવારોએ/કરાર આધારિત નિમણૂક ધરાવતા ઉમેદવારોએ સાદા કાગળ પર નિયત નમૂનાનું સ્વ-ઘોષણાપત્ર રજૂ કરવાનું રહેશે.

❖ <u>સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી માટેના અગત્યના ઠરાવો:</u>

1. શિક્ષણ વિભાગના તા.15/11/2019 ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/104/SMS/1011/258/G.1
2. શિક્ષણ વિભાગના તા.12/09/2024 ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/50/SMS/1011/258/P.F.1/G.1
3. સા.વ.વિ.ના તા. 17/09/2021ના ઠરાવ ક્રમાંક: સી.આર.આર. -102017-122639-ગ.2
4. સા.વ.વિ.ના તા. 20/11/2024ના ઠરાવ ક્રમાંક: સી.આર.આર. -102017-122639-ગ.૨
5. સા.વ.વિ.ના તા. 11/11/2024 ના ઠરાવ ક્રમાંક: સી.આર.આર. - 102017-122639-ગ.2(ભાગ.1)
6. શિક્ષણ વિભાગનો તા. 26/11/2019ના ઠરાવ ક્રમાંક: પરચ/2018/આર-23/ખ-1
7. શિક્ષણ વિભાગના તા. 22/03/2017ના ઠરાવક્રમાંક: પીઆરઇ/112017/સીંગલ ફાઇલ-6/ક
8. શિક્ષણ વિભાગના તા. 29/04/2023 ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/5921/G

9. શિક્ષણ વિભાગના તા. 19/05/2023 ના ઠરાવ ક્રમાંક: BMS/M/11/2019/631243/G

10. સા.વ.વિ.ના તા. 29/02/2024 ના પરિપત્ર ક્રમાંક GAD/PHA/e-file/1/2023/8017/G2-section

આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિના તમામ હક અબાધિત રહેશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

Sd/-

અધ્યક્ષ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી

સમિતિ અને નિયામક, શાળાઓની કચેરી,

ગુ.રા,ગાંધીનગર

GS & HSS Education Staff Recruitment Selection Committee